ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર બન્યુ સેવાનગર : પરબસેવાની બોલબાલા







ગાંધીનગર, તા.૭

રાજકારણીઓના કાવાદાવાઓ માટે ઓળખાતા શહેર ગાંધીનગરનું સ્વરૂપ બદલાયું છે. શહેરમાં અંબાજીના યાત્રાળુઓના વિસામા માટે ઘણી સંસ્થા સેવા આપે છે. પણ આ ગરમીમાં શહેરમાં 'પરબ સેવા' ચાલુ થઈ છે.

ભારતભરમાં ઉનાળાએ જોર પકડયું છે. ગુજરાતના સૌથી ઊંચા તાપમાનવાળા શહેર ગાંધીનગરમાં હીટવેવની અસરથી બચવા ઠેર ઠેર પરબો જોવા મળે છે. દરેક સેકટરમાં પરબ જોવા મળે છે. ગાંધીનગરના મુખ્ય રસ્તા 'ઘ' અને 'ચ' જયાં વાહન વ્યવહાર વધુ પ્રમાણમાં જોવા મળે છે. તે 'ઘ' રોડ પર ૯ જેટલી અને 'ચ' રોડ પર ૬ જેટલી પરબ જોઈ શકાય છે. શહેરની દરેક પરબે ઓછામાં ઓછા ૩ જેટલાં મોટા માટલા અથવા મોટા કેરબા રાખવામાં આવ્યા છે. જેની સાથે ગ્લાસની વ્યવસ્થા તેમજ લીલા કપડાંથી મંડપ બાંધી છાંયડો કરવામાં આવેલ છે. માટલામાંના પાણીને ઠંડુ રાખવા માટલાનો ભીના કપડાંથી વીંટાળેલ હોય છે. ઘ-૬ સર્કલ જે શહેરનો સૌથી ગીચ વધુ વપરાતો વિસ્તાર છે ત્યાં આજુબાજુમાં ૩ જેટલી પરબ છે. અને ઘ-૬ સર્કલે આવેલી પરબ પર ૧૦ જેટલા કેરબા હોય છે જેનાથી અંદાજે ૧૦૦૦થી ૧૫૦૦ માણસોની તરસ છીપાવી શકાય છે. ઉપરાંત, આ દરેક પરબ પાસે તરસ્યા પશુ-પંખી માટે પહોળા પાત્રમાં પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. શહેરે પરબમાં પણ આધુનિકરણ લાવી દીધું છે. ચ-૭ સર્કલ પાસે વોટર કુલર જોવા મળે છે જેથી મોટા પ્રમાણમાં ઠંડુ પાણી મળી શકે છે. 'જનસેવા એજ પ્રભુસેવા'ના માર્ગે ચાલી રહેલું ગાંધીનગર શહેર સેવાભાવી શહેર બન્યું છે.

## @ગાંધીનગર

● સંસ્કાર ગૃપ દ્વારા સાંજે સાડા છ કલાકે સેકટર-૭ બગીચો, સુવિધા કચેરી સામે નાસ્તાની ઉજાણી તથા વાંચનનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી વિશ્વ કર્મા સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા સાંજે ૪ કલાકે સમાજ હોલ ખાતે મળશે.

● અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે મહાકાવ્ય સાવિત્રી વષય ઉપર સવારે ૧૦.૩૦ કલાકે પ્રવચન યોજાશે.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા વડીલ વંદના કાર્યક્રમ સવારે ૮ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે સર્જક સાથે સંવાદ કાર્યક્રમ સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે આંબેડકર વિચાર લેખ સંગ્રહ પર ડૉ. ધીરજ વણકરનું પ્રવચન સાંજે ૫.૩૦ કલાકે આંબેડર ભવન, સે-૧૨ ખાતે યોજાશે.

# વીપીએમપી પોલીટેકનીકમાં યોજાયેલ ચોથો વાર્ષિક પ્રોજેકટ એકઝીબીશન-૨૦૧૮

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૧૫માં આવેલ વીપીએમપી પોલીટેકનીક ખાતે છેલ્લા ચાર વર્ષથી દર વર્ષે એપ્રિલ મહિનામાં ડીપ્લોમા એન્જીનિયરીંગના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ પ્રોજેકટસનું



એકિઝબીશન રાખવામાં આવે છે. જેમાં દરેક વિદ્યાશાખામાં ભણતા દરેક વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેકટ ગ્રુપમાં રહીને એકિઝબીશનમાં આવનાર વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ તેમજ આમંત્રીત ઈન્ડસ્ટ્રીયલ એકસપર્ટને તેમના પ્રોજેકટનો ઉદ્દેશ્ય અને તેની બનાવટની સમજૂતિ આપે છે. અલગ અલગ વિદ્યાશાખામાં અલગ અલગ ઈન્ડસ્ટ્રીયલ એકસપર્ટને આમંત્રીત કરવામાં આવે છે. એકિઝબીશનના અંતે વિદ્યાશાખા પ્રમાણે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર ઘોષિત કરવામાં આવે છે.

# ગાંધીનગરમાં ચોંકાવનારો સાયબર ક્રાઈમ...!

## ત્રણ દિવસ માટે બેંકમાં નોંધાયેલા નંબરનું સીમકાર્ડ બ્લોક કરી દઈને રૂ. ૭.૨૯ લાખ ટ્રાન્સફર કરી લેવાયા : હરિયાણા અને મુંબઈની બેંકમાં રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા

ગાંધીનગર, તા.૭

ફોન કરીને ઓટીપી નંબર કે બેંકની માહિતીઓ તથા એટીએમ કાર્ડની માહિતીઓ મેળવીને ઓનલાઈન ચીટીંગના સંખ્યાબંધ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે પરંતુ ગાંધીનગરના ઈતિહાસમાં એક નવો જ ચોંકાવી મુકે તેવો સાયબર ક્રાઈમ બન્યો છે. બેંક ખાતેદારને કોઈ જ પ્રકારની જાણ સુધ્ધાં ન થાય તે માટે ત્રણ દિવસ માટે તેના મોબાઈલ નંબરના સીમ કાર્ડને બ્લોક કરી મુકી તેના બેંક ખાતામાંથી રૂ. ૭.૨૯ લાખ ટ્રાન્સફર કરી લીધા હોવાનું બહાર આવ્યું છે. સેકટર-૨૬ સ્થિત રીધ્ધી મારૂતીના બેંક એકાઉન્ટને ટાર્ગેટ કરાયું હતું. આ મામલે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરના સે-૨૬ સ્થિત રીધ્ધી મારૂતી-શ્રી અર્બુદા મોટર્સ પ્રા.લી.ના મયુરભાઈ કનુભાઈ દેસાઈ (રહે. સે-૨૬ ગ્રીનસીટી)એ સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રીધ્ધી મારૂતીના બે બેંક ખાતા કોર્પોરેશન બેંક સે-૨૮ની શાખામાં છે. મયુરભાઈનો મોબાઈલ નંબર આ બેંકમાં નોંધાયેલો છે. આ મોબાઈલ નંબરને ત્રણ દિવસ માટે બ્લોક કરી દઈ કોઈ શખ્સે કંપનીના બંને ખાતામાંથી નેટ બેંકીંગ મારફતે તબક્કાવાર રૂ. ૭.૨૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. રૂ. ૪.૨૯ લાખ આર.ટી.જી.એસ. મારફતે મુંબઈના મીરા રોડ પર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એક ખાતામાં અને રૂ. ૩ લાખ હરિયાણામાં એચડીએફસી બેંકમાં એક ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે ત્રણ દિવસ સિમ કાર્ડ બ્લોક થઈ ગયું હોવાથી કોઈ જ ટ્રાન્ઝેકશન અંગે કોઈને ખ્યાલ આવ્યો જ નહી. ત્યારબાદ ઈમેલ મારફતે ખ્યાલ આવતા આ મામલે મયુરભાઈએ સે-૨૧ પોલિસ સ્ટેશનમાં આઈ.ટી.એકટની ફરિયાદ આપતા પી.આઈ. જે.બી. પંડીતે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

## મનપાના સફાઈ કર્મચારીઓના બે પ્રશ્નનો ઉકેલ : કર્મચારીઓમાં ખુશી

ગાંધીનગર મહાનગર પાલિકામાં વર્ગ-૪ ના કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં મુખ્યત્વે ચાલુ ફરજ દરમિયાન અવસાન પામનાર કર્મચારીના આશ્રિતોને રહેમરાહે નોકરી આપવી તેમજ સફાઈ કામદારોને ૫૪ વર્ષિય અનફીટ ગણીને તેમના સ્થાને તેમના વારસદારને નોકરી આપવી. જયારે આ પ્રશ્ને ગાંધીનગર અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા મનપાના તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરાઈ હતી. ત્યારબાદ આ બંન્ને પ્રશ્નો અંગે ગાંધીનગર મનપાની સ્ટેન્ડીંગ કમિટીમાં તા.૪-૪-૧૮ ના રોજ ઠરાવ થઈ ગયેલ છે તેમ ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ શાંન્તાબેન ચાવડાએ જણાવ્યું છે. જયારે મનપાના સફાઈ કામદાર ભાઈઓ-બહેનોએ મનપા કમિશનર, મહાનગર પાલિકાની બોડીના તમામ સભ્યો, અધિકારીઓ, કર્મચારીઓ, કોર્પોરેટરો સહિતનો આભાર વ્યકત કર્યો હતો.

# દહેજ માંગીને ત્રાસ ગુજારતા સાસરીયાઓ સામે ફરિયાદ

## પેથાપુર પોલિસ લાઈનમાં રહેતી પરિણીતાએ પતિ અને સાસુ-સસરા સામે ફરિયાદ આપી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક પેથાપુર પોલિસ લાઈનમાં રહેતી પરિણીતાના કલોલ લગ્ન થયા છે. પરંતુ રૂ. ૨ લાખ દહેજની માંગણી કરીને શારિરીક માનસિક ત્રાસ આપી સાસરીયાઓ મારઝુડ કરતા હોવાથી પરિણીતા પિયર આવી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. આ પરિણીતાએ પેથાપુર પોલિસ સ્ટેશનમાં પતિ તથા સાસુ-સસરા સામે દહેજની માંગણી કરી ત્રાસ ગુજારી મારઝુડ કરવા અંગેની ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના સરઢવ ગામની મુળ રહેવાસી અને હાલ પેથાપુર પોલિસ લાઈનમાં રહેતી પરિણીતા પ્રિયંકા અમિતભાઈ ગઢવીના કલોલ લગ્ન થયેલા છે. પિયર આવી ગયેલી પ્રિયંકાએ પેથાપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેણીના પતિ અમિત અશોકભાઈ ગઢવી, સસરા અશોકભાઈ ગુલાબસિંહ ગઢવી અને સાસુ કનકબા અશોકભાઈ ગઢવીએ મળીને તેણીની પાસેથી રૂ. ૨ લાખ દહેજની માંગણી કરી હતી અને ત્યાર બાદ અવારનવાર ત્રાસ આપીને ગડદાપાટુનો માર મારતા હતા. આ ફરિયાદ લઈને પેથાપુર પોલિસે પતિ સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

## ઘ-૫ નજીક નવી નક્કોર ગાડી ડીવાઈડર ઉપર ચઢી ગઈ

ગાંધીનગર, તા.૭

શહેરના ઘ માર્ગ ઉપર ઘ-૫ સર્કલ નજીક સે-૧૬ પેટ્રોલપંપ તરફ જવાના વળાંક પાસે આજે સવારે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. નવી નક્કોર ગાડી વળાંક લેતા ડીવાઈડરની ઉપર ચઢી ગઈ હતી.ગાડીના બોનેટ પાસના ભાગે મોટું નુકશાન થયું હતું. સદભાગ્યે આ ઘટનામાં કોઈને મોટી ઈજાઓ થવા પામી ન હતી.



# ....ને પોલિસે ઘરમાંથી પરિણીતાએ બળજબરીથી મુકેલો સામાન બહાર કાઢયો...!

## શિક્ષિત પરિણીતાએ સાસરીયાના ૧૧ સભ્યો ઉપર ત્રાસ મામલે કેસ કર્યા હતા : આ જ પરિણીતાએ પિયરના સભ્યોને સાથે રાખીને સાસરીમાં પોતાનો સામાન ઘુસાડી સાસુ સસરા સાથે ગાળા ગાળી કરી : સાસુએ નોંધાવી પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં એક વિચિત્ર કિસ્સો બન્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શિક્ષિત પરિણીતાએ વર્ષ ૨૦૧૦માં સાસરીયાના ૧૧ સભ્યો સામે શારિરીક-માનસિક ત્રાસ આપ્યાનો કેસ કર્યો હતો. વર્ષ ૨૦૧૬માં તમામને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા...! ત્યાર બાદ આચાર્ય તરીકે સેવા આપતી આ પરિણીતાએ ડોમેસ્ટીક વાયોલેન્સના બે કેસ કર્યા... પતિએ છુટાછેડાની પીટીશન ફાઈલ કરી છે. તાજેતરમાં આ જ શિક્ષિત પરિણીતા પોતાનો ઘરસામાન લઈને સે-૭માં જયાં સાસરીયાઓ રહે છે તે ઘરમાં કોઈ ન હતું ત્યારે આવી અને સામાન ઘરમાં મુકી દીધો...! સાસુ-સસરા ને આ વાતની જાણ થતા ઘરે આવ્યા ત્યારે પરિણીતા અને તેણીની સાથે આવેલા તેણીના પરિવારજનોએ આ સામાનને હાથ લગાવ્યો છે તો હાડકા ખોખરા કરી નાંખીશુ તેવી ધમકી આપી વૃધ્ધ સાસુ-સસરા સાથે ધક્કા મુક્કી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી મકાનના બીજા માળે જયાં સામાન મુકયો હતો ત્યાં લોક મારીને જતા રહ્યા હતા. કોર્ટના સુચનથી પોલિસ આ સામાન ઉપાડીને પોલિસ સ્ટેશન લઈ આવી છે અને ગેરકાયદેસર પ્રવેશ કરી ગુનો આચરનાર પરિણીતા સહિતના શખ્સો સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

શહેરના સેકટર-૭માં રહેતા વૃદ્ધ સાસુએ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના એક દિકરાની



પત્નિએ આખા કુટુંબ ઉપર કેસ કર્યા છે. તેનો સામનો કુટુંબના સભ્યો કરી રહ્યા છે. કોર્ટના હુકમથી રૂ. ૩ હજાર મકાન ભાડા પેટે નિયમિત ચુકવાઈ રહ્યા છે તેમ છતાં તેમની પુત્રવધુ કે જે કોઈ શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે તે ભુમિકા પરમાર વીસ દિવસ પહેલા ઘરે કોઈ હતું ત્યારે તેના પરિવારના સભ્યોને સાથે લાવીને ઘરે આવી ગઈ હતી અને પોતાનો ઘરસામાન મકાનમાં ઘુસાડી દીધો હતો. વૃધ્ધાએ નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ ૨૦૧૦માં ભૂમિકાએ સાસરીના કુલ ૧૧ સભ્યો વિરૂધ્ધ શારિરીક માનસિક ત્રાસ આપવા સંબંધિત ફરિયાદ આપી હતી. વર્ષ ૨૦૧૬માં તમામ સભ્યોને કોર્ટે નિર્દોષ ઠેરવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. ત્યાર બાદ ભૂમિકાએ બોરસદ કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલન્સનો કેસ કર્યો હતો જેમાં સમાધાન થયું હતું. ત્યારબાદ ગાંધીનગર કોર્ટમાં ફરીથી ડોમેસ્ટીક વાયોલન્સની અરજી દાખલ કરી છે જે કેસ હાલમાં ચાલુ છે જેમાં કોર્ટે ભૂમિકાને મકાન ભાડા પેટે માસિક રૂ. ૩ હજાર ચુકવવાનો હુકમ થયો છે તે પણ નિયમિત ચુકવાય છે.

દરમિયાન ગઈ ૧૬ માર્ચે સવારે વૃધ્ધ સાસુ-સસરા અમદાવાદ એક બેસણામાં ગયા હતા ત્યારે પુત્રવધુ ભુમિકા તેના પિયર પક્ષના માણસો સાથે આવ્યા હોવાની જાણ ભત્રીજા મારફતે થતા વૃધ્ધ દંપતિ પરત ગાંધીનગર આવ્યા હતા. ઘરે આવીને જોયું તો જેણે ઢગલાબંધ કેસો કરેલા છે તે જ પુત્રવુએ ઘરમાં નીચેના રૂમમાં અને ઉપર પહેલા માળે ગેલેરીમાં સરસામાન મુકી દીધેલો હતો. વૃધ્ધ દપંતિ આ મકાનમાં અત્યારે એકલું રહે છે તેમનો દિકરો શિક્ષક સે-૩માં સંબંધીના ઘરે રહે છે. વૃધ્ધ દંપતિએ મકાનમાં ગેરકાયદે સામાન મુકવા બાબતે પુછતાં તેમની પુત્રવધુ ભુમિકા તથા અન્ય સાગરીતોએ ગાળાગાળી શરુ કરી દીધી હતી. સસરાએ ગાળો બોલવાની ના પાડતા ધક્કામુકકી કરીને તેમને નીચે પાડી દેતા તેમને થાપાના ભાગે બેઠો માર વાગ્યો હતો. જો આ સામાનને હાથ લગાવ્યો છે તો તમારા હાડકાં ખોખરા કરી નાંખીશુ અને જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપવામાં આવી હતી ત્યાંથી નીકળી ગયા બાદ તે જ રાત્રે આ માલસામાન બીજા માળે રુમમાં ભરીને બહારથી લોક મારી દઈ ભૂમિકા જતી રહી હતી આ મામલે કોર્ટમાં અરજી કરતા કોર્ટના સુચનથી સે-૭ પોલિસની ટીમે પરિણીતાનો સામાન ઘરમાંથી બહાર કાઢી પોલિસ સ્ટેશન મુકી દીધો છે અને આ સામાન કોર્ટમાંથી છોડાવવા સુચન કરી દેવાયું છે. વૃધ્ધાની ફરિયાદ આધારે સે-૭ પોલિસે પુત્રવધુ ભૂમિકા, તેની માતા વસંતીબેન, ભાઈ યશપાલ, લાલકૃષ્ણ તથા તેના ભાભી અલ્પાબેન સહીતના વ્યકિતઓ સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી પીએસઆઈ એસ.ડી. કાળાતે વધુ તપાસ શરુ કરી છે.

# શહેરમાં વિશ્વ "હોમીયોપેથી દિવસની" ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૭

જિલ્લા આર્યુવેદ શાખા ગાંધીનગર અને ગાંધીનગર હોમિયોપેથિક એસોસિએશનના સંયુકત ઉપક્રમે આ વર્ષે તા.૧૦ એપ્રિલના રોજ હોમિયોપેથિક ના શોધકની જન્મજયંતિ નિમિતે સેકટર-૨૪ના આંગણવાડીઓના તમામ કુપોષિત બાળકો સાથે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસ નિમિતે સેકટર-૨૪ ની આંગણવાડીઓના તમામ કુપોષિત બાળકોની તપાસ હોમિયોપેથિક ડોકટર દ્વારા કરવામાં આવશે અને તમામ કુપોષિત બાળકોને હોમિયોપેથિક સારવારની સાતે હોમિયોપેથીકની રોગ પ્રતિકારક શકિત વધે તેવી દવાઓ પણ આપવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગર હોમિયોપેથીક એસોસિએશનના ડોકટર્સ દ્વારા તમામ બાળકોને તાજા ફળોનું વિતરણ કરવામાં આવશે.

રોગનો ઈતિહાસ એ માનવ સંસ્કૃતિ જેટલો જ પુરાણો છે. જેમ જેમ માણસ સુસંસ્કૃત થયો ગયો તેમ તેમ અવનવા જુદા જુદા પ્રકારના રોગનો ભોગ બનતો ગયો. સાથે સાથે વિજ્ઞાનના વિકાસ ને કારણે માનવી અવનવી ઉપચાર પધ્ધતિઓ શોધતો ગયો. હોમિયોપેથીક ચિકિત્સા પધ્ધતિ આવી જ એક શોધ છે. ડો. ક્રિશ્ચિયન ફેડરીક સેમ્યુઅલ હનેમાન. તેમનો જન્મ ૧૦ એપ્રિલ ઈ.સ.૧૭૫૫ના રોજ જર્મની ના એક નાનકડા શહેરમાં થયો હતો. આજે સમગ્ર વિશ્વ તેમનો જન્મદિવસ હોમિયોપેથિના પ્રણેતાના જન્મદિવસ તરીકે ઓળખે છે. અને ડો. હનેમાન જયંતિ વિશ્વ હોમિયોપેથી દિવસ તરીકે ઉજવે છે. આજે વિશ્વના ૮૦ થી વધુ દેશોમાં હોમિયોપેથીને પ્રમાણભુત ચિકિત્સા પદ્ધતિ તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા તે સમયે આયોજીત એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ હતું કે હોમિયોપેથીક દવાથી બાળકોમાં દાંત આવવાના હોય તેવા સમયે જે તકલીફો થાય છેતેમાં ખુબ અસરકારક પરિણામો મળે છે. ગાંધીનગર જિલ્લામાં ૭ હોમિયોપેથી દવાખાના કાર્યરત છે ત્યારે આગામી તા.૧૦ એપ્રિલના રોજ હોમિયોપેથી દિવસ તરીકે ઉજવવાનું અનોખું આયોજન જિલ્લા આર્યુવેદ શાખા અને હોમિયોપેથીક એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું છે.

# શહેરના સેકટરોમાં વેકેશનને પગલે રાત્રી રમતોનો માહોલ જામ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટરોમાં રાત્રીના સમયે વેકેશનનો માહોલ જોવા મળે છે. ધો-૧૦-૧૨ તેમજ પ્રાથમિક વિભાગની પણ પરિક્ષા પુર્ણ થવાના આરે છે. ત્યારે શહેરની રહેણાંક સોસાયટીઓમાં ફુલ રેકેટ, ખો-ખો, કેરમ, ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ, ચેસ સહિતની રમતો રમતા બાળકો નજરે પડી રહ્યા છે. શહેરના નાગરીકોના ઘરે મહેમાનોના આગમન અને બાળકોના કોલાહલને પગલે વેકેશનનો માહોલ ખીલી ઉઠ્યો છે.

ગાંધીનગરમાં ઉનાળાના પ્રારંભે જ અંગ દઝાડતી ગરમી પડી રહી છે. નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. સાંજ ઢળતા જ કામ આટોપી લઈ નાગરીકો કુદરતી વાતાવરણમાં ઘરની બહાર બેસવા માટે એકઠા થાય છે. ત્યારે નાનાથી લઈ મોટેરાઓ સૌ વિવિધ રમતોની મોજ માણે છે. ધો-૧૦ -૧૨ તેમજ પ્રાથમિક વિભાગની પરિક્ષા કેટલાક સ્થળે પૂર્ણ થઈ ગઈ છે તો કયાક પૂર્ણ થવાને આરે છે. જયારે નાના ભુલકાઓ તો કયારના ફ્રી થઈ ગયા છે. સેકટરોમાં ખાલી પડેલી જગ્યાઓમાં રાત્રીના સમયે વોલીબોલની મેચ પણ યોજાય છે. જયારે ઘર પાસે બાળકો ચેસ, ફુલ રેકેટ, ફુટબોલ, ખો-ખો, અંતાક્ષરી, કેરમ, ક્રિકેટ સહિતની રમતો રમે છે. રાત્રીના સમયે બાળકોના કલરવથી સોસાયટીઓનું વાતાવરણ ગુંજી ઉઠે છે. જયારે દિવસ દરમિયાન ગરમીને પગલે ઘરમાં પુરાયેલા અને ટીવી, મોબાઈલમાં કલાકો સુધી કાર્ટુન જોતા બાળકો કુદરતી ઠંડી હવામાં મનમુકીને રમતોની મોજ માણતા નજરે પડે છે. શહેરમાં દિવસભર શાંત રહેતી સોસાયટીઓમાં સાંજ ઢળતા જ વેકેશનનો માહોલ જોવા મળી રહ્યો છે. રાત્રીના સમયે બાળકો દ્વારા વિવિધ રમતો રમતા હોવાથી વેકેશનનો માહોલ જામતો જાય છે. ત્યારે નગરમાં આગામી સમયમાં વેકશનનો માહોલ પુરબહારમાં ખીલી ઉઠશે.

## કર્ણાવતી ડેન્ટલ કોલેજની બાજુમાં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ ઝડપાયા

ઉવારસદ ગામની સીમમાં આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલિસે દરોડો પાડી ત્રણ શકુનીની ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમના પીએસઆઈ એ.જી. એનુરકાર તથા સર્વેલન્સ સ્કવોર્ડે ચોકકસ બાતમીને આધારે આજે સવારે ઉવારસદ ગામની સીમમાં કર્ણાવતી ડેન્ટલ કોલેજ પાસે દરોડો પાડયો હતો. કોલેજની સામે ખુલ્લામાં ત્રણ રીક્ષા ડ્રાઈવરો બાજી માંડીને બેઠા હતા. પોલિસે દરોડો પાડી ઉવારસદ ગામના ત્રણેય શકુનીઓ વિષ્ણુ ગાભા રાવળ, વિક્રમ કાંતિ ઠાકોર અને મહેશ સેંધા રાવળને પકડી પાડયા હતા. રૂ. ૧૦,૦૫૦ના રોકડ મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી લઈ અડાલજ પોલિસે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ ફોગટભાઈ રોહિત, ઉ.વ. ૬૨
- સ્વ. જયોત્સનાબેન આસીતકુમાર ચૌહાણ, ઉ.વ. ૪૯
- સ્વ. ધૂળીબેન આત્મારામ ખાંટ, ઉ.વ. ૯૫